વડોદરા સીટી છાણી પોલીસ સ્ટેશનના ટ્રક ચોરીના ગુનામાં નાસ્તા ફરતા આરોપીને પકડી પાડતી સુરત શહેર, વરાછા પોલીસ.

સુરત શહેરના વરાછા પો.સ્ટે. વિસ્તારમાં "અ" પડત ગુનાઓ શોધી કાઢવા સારૂ પો.સ્ટે. વિસ્તારમાં પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના અ.પો.કો. સંજયભાઇ હિકુભાઇ બ.નં.૧૭૫ તથા અ.હે.કો. અરૂણભાઇ બચુભાઇ બ.નં.૬૫૦ નાઓને બાતમી હકિકત મળેલ કે એક ઇસમ નામે જગદીશ ઉર્ફે જગી જાંટ નામનો ઇસમ કે જે વડોદરા સીટી છાણી પોલીસ સ્ટેશનમાં ટ્રક ચોરીના ગુનામાં વોન્ટેડ છે તે થોડી વારમાં રેણુકાભવન આવવાનો છે તેણે લાલ કલરની ટી શર્ટ તથા કાળા કલરનું જીન્સ પેન્ટ પહેરેલ છે. તેવી બાતમી હકિકત આધારે સદર જગ્યાએ જઇ વોચમાં હતા તે દરમ્યાન સદર બાતમી હકિકતવાળો ઇસમ આવતા તેને કોર્ડન કરી પકડી પાડી, નામઠામ પુછતા તેને પોતાનું નામ જગદીશ ઉર્ફે જગી S/O લાડુલાલ સોમનાથજી જાંટ ઉ.વ.૩૩ ધંધો-મજુરીકામ રહે. માનસરોવર સોસાયટી, મકાન નંબર-૧૫૨, ૧૫૩, ગીતાંજલી સ્કુલની બાજુમાં ડિંડોલી, સુરત. મુળ રહે. ભોરીગામ થાના-ઇરાચ તા.સેહાણા જી. ભીલવાડા (રાજસ્થાન)નો હોવાનુ જણાવેલ અને મજકુરની પુછપરછ કરતાં પોતે આજથી આશરે ત્રણેક મહીના પહેલા પોતાની ઇક્કો ફોર વ્હીલર ગાડી નંબર- GJ-05-RA-6147 ની લઇને અન્ય સહ આરોપી કુલદિપસિંહ તથા શાહરૂખશેખ મુનીર શેખ અને યુનુશ શાહ અબ્દુલ શાહનાઓની સાથે મળી વડોદરા સીટી છાણી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ટ્રક ચોરી કરેલ હોવાની કબુલાત કરતા સદર કામે વડોદરા સીટી છાણી પોલીસ સ્ટેશનમાં ખાતરી કરતા છાણી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૫૦/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯, ૧૧૪ મુજબનો ગુનો નોંધાયેલ હોય અને સદર આરોપી ગુનાના કામે નાસ્તો ફરતો આરોપી હોય મજકુર આરોપી પાસેથી મળી આવેલ ઇક્કો તપાસ અર્થે કબ્જે કરી, મજકુર આરોપીને સી.આર.પી.સી. કલમ ૪૧(૧) આઇ મુજબ કલાક ૨૦/૨૦ વાગે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

શોધી કાઢેલ ગુના:-(૧) વડોદરા સીટી છાણી પો.સ્ટે. ગુ.ર.નં.૫૦/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ મુજબ.